# પૂ.લાલચંદભાઈના પ્રવચનો
## પ્રવચન નં :- ૨૯, સમયસાર ગાથા ૪૯
## તા. ૧૯-૧૦-૮૭

ચેતના જેનો ગુણ છે એવો જાણ, શબ્દ રહિત છે એવો જાણ. કોઈ ચિહ્નથી (કે) કોઈ બાહ્યના લક્ષણથી જેનું ગ્રહણ એટલે જાણવું થતું નથી એવો તું જાણ અને જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો જાણ. એમ આત્માના સ્વરૂપની વાત કરી. ટીકાકાર હવે તેનો ખુલાસો કરે છે કે આત્મા છે તેમાં રસ નામનો ગુણ નથી. અરસ છે તે એક રસ રહિત છે. એના છ પ્રકારથી સમજાવે છે. આત્મા એક છે તે રસ રહિત છે. રસ રહિત છે એટલે શું? તેનો ખુલાસો કરે છે.

એ **જે જીવ છે તે,** જીવ છે તે, છે, છે ને છે અનાદિઅનંત **તે ખરેખર પુદ્‌ગલ દ્રવ્યથી અન્ય,** જુદો, અનેરો ભિન્ન **હોવાથી તેમાં રસગુણ વિદ્યમાન નથી.** આ આત્મા છે તેમાં ચૈતન્યરસ ભરેલો છે. ચૈતન્ય નામનો આત્મામાં રસ છે. જ્ઞાન ને આનંદ છે. પણ તેમાં રાગ, દ્વેષ, મોહ નથી તો ભલે ન હો. તો જીવનું ખરું સ્વરૂપ શું છે? કે આત્મા રસરહિત છે. એ રસના છ પ્રકારથી સમજાવે છે. તેમાં પહેલો પ્રકાર એમ કહ્યો, કે આ જીવ છે તે પુદ્‌ગલદ્રવ્યથી જડ એવા પુદ્‌ગલદ્રવ્યથી જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય છે એવા જે પુદ્‌ગલો તે **પુદ્‌ગલદ્રવ્યથી અન્ય** એટલે અનેરો, જુદો, ભિન્ન **હોવાથી તેમાં** એટલે જીવમાં **રસગુણ વિદ્યમાન નથી.** જયાં પુદ્‌ગલ જ એમાં નથી, તો પુદ્‌ગલનો રસગુણ તેમાં આત્મામાં ન હોય. **માટે આત્મા અરસ છે.** પહેલો બોલ ચાલ્યો.

બીજો બોલ. પહેલાં દ્રવ્યથી ભિન્નતા બતાવી. આ આત્મા છે એ પુદ્‌ગલદ્રવ્યથી ભિન્ન છે એમ કહ્યું. હવે પુદ્‌ગલદ્રવ્યનો રસ નામનો ગુણ છે એનાથી પણ આત્મા જુદો છે. એમ બીજા બોલમાં કહે છે. **પુદ્‌ગલદ્રવ્યના ગુણોથી પણ ભિન્ન** એટલે જુદો **હોવાથી પોતે** એટલે આત્મા **પણ રસગુણ નથી માટે અરસ છે.** આત્મામાં પુદ્‌ગલદ્રવ્યનો અભાવ, પુદ્‌ગલદ્રવ્યનો ગુણ જે ખાટો-મીઠો રસ એનો પણ અભાવ છે. એવો આત્મા છે.

હવે ત્રીજો બોલ છે. પુદ્‌ગલમાં દ્રવ્ય લીધું, પુદ્‌ગલનો ગુણ લીધો અને હવે અવસ્થા થાય છે એનાથી પણ આત્મા જુદો છે. **પરમાર્થે પુદ્‌ગલદ્રવ્યનું સ્વામીપણું પણ એને** એટલે આત્માને **નહીં હોવાથી તે દ્રવ્યેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે અરસ છે.** એમ કહે છે કે આ આત્મા છે, તે પુદ્‌ગલની એક અવસ્થા છે, આ પુદ્‌ગલનો પિંડ છે. પણ એ પુદ્‌ગલની એક

અવસ્થા કાન, નાક, આંખ એ પુદ્‌ગલની અવસ્થા એટલે પુદ્‌ગલની પર્યાય છે. આ જીવની પર્યાય નથી, ચેતનની પર્યાય નથી. આ તો જડ છે. તેને દ્રવ્યેન્દ્રિય કહે છે.

તો દ્રવ્યેન્દ્રિયનું અવલંબન લઈને રસને ચાખતો નથી, જાણતો નથી. ખાટા-મીઠા રસને જીભ દ્વારા એટલે કે દ્રવ્યેન્દ્રિય દ્વારા તેનું અવલંબન લઈને રસનું જ્ઞાન થાય એવો આત્મા નથી. કેમકે એ દ્રવ્યેન્દ્રિયનો સ્વામી આત્મા નથી. દ્રવ્યેન્દ્રિય જડ છે તે મારું સ્વ અને હું તેનો સ્વામી. એમ પુદ્‌ગલની અવસ્થાની સાથે આત્માને સ્વ-સ્વામી સંબંધ માલિકી તેની નથી માટે જીભનું અવલંબન લઈને જીભ દ્વારા રસને જાણવાનું આત્માનું થતું નથી. માટે આત્મા અરસ છે.

એ ત્રણ બોલ ચાલ્યા હતા અને ચોથો બોલ પણ ચાલ્યો હતો. ફરીથી હવે ચોથો બોલ. એ આનાથી પણ સૂક્ષ્મ છે. ખાટા-મીઠા રસને અહીંયા લગાવે તો તો જાણવામાં ન આવે. આંખથી પણ ખાટો-મીઠો રસ જાણવામાં ન આવે. પણ જીભ ઉપર મુકે તો ખાટો-મીઠો રસ છે એમ જે જાણવામાં આવે છે તો કહે છે કે આત્મા દ્રવ્યેન્દ્રિય એટલે જીભ, આ જીભ છે એ પુદ્‌ગલની બનેલી છે. એના વડે પણ રસ ચાખતો નથી. તે તો જ્ઞાનથી રસને જાણે છે. હવે કયા જ્ઞાનથી રસને જાણે છે અને કયા જ્ઞાનથી પણ રસને જાણતો નથી એવા જ્ઞાનની વાત ચોથા બોલમાં આવે છે. એ જરા સૂક્ષ્મ છે.

**પોતાના સ્વભાવની દષ્ટિથી જોવામાં આવે તો,** આ આત્માનો સ્વભાવ પુદ્‌ગલના દ્રવ્ય, ગુણ અને પર્યાયથી તો જુદો છે. આંખ ને કાન ને નાકથી તો જુદો પાડયો પણ પોતાના સ્વભાવથી જોવામાં આવે તો, આત્માનો જે સ્વ નિજભાવ છે તે અતીન્દ્રિય જ્ઞાનમય એમાં રસ ભર્યો છે. એ સ્વભાવથી જોવામાં આવે તો ક્ષયોપશમિકભાવનો પણ તેને અભાવ (છે.) જ્ઞાનની પર્યાયનો ઉઘાડ જે જીભ પાસે છે જેના દ્વારા ખાટા-મીઠા રસનું જ્ઞાન થાય, ખાટો-મીઠો તો આત્મા ન થાય. ખાટો-મીઠો થઈ જાય તો તો આત્મા જડ થઈ જાય. પણ ખાટા-મીઠાનું, આ ખાટો રસ છે, આ મીઠો રસ છે, આ કડવો છે, આ કષાયેલો રસ છે, એ પુદ્‌ગલની અવસ્થાનું જ્ઞાન પણ એ ભાવેન્દ્રિય વડે થતું નથી.

જીભની પાસે જે ઉઘાડ છે, જીભ વડે તો ખાટા-મીઠાનું જ્ઞાન થઈ શકે જ નહીં પણ જે જ્ઞાનનો ક્ષયોપશમ ઉઘાડ છે ઈન્દ્રિયજ્ઞાન જેને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. તેને રસેન્દ્રિય કહેવામાં આવે છે. એ રસેન્દ્રિય જે ભાવેન્દ્રિય છે એનો એ જ્ઞાનનો આત્મામાં અભાવ છે. જેનો જેમાં અભાવ હોય તેના દ્વારા જાણવું થઈ શકતું નથી. એ આત્માને તો જાણતું નથી પણ ખાટા-મીઠા રસનું જ્ઞાન જો તારે કરવું હોય તો તારા આત્માને જાણ અને આત્માને જાણતું અતીન્દ્રિયજ્ઞાન એ રસને જાણે, પણ ભાવેન્દ્રિયનો આત્મામાં  અભાવ છે તેના વડે રસને, ખાટા-મીઠા રસને આત્મા જાણે એમ બનતું નથી.

છતાં પણ તારી અનાદિકાળથી ભાવેન્દ્રિયમાં ખંડજ્ઞાનમાં આત્મબુધ્ધિ પડી છે કે હું મારી જીભ

દ્વારા ખાટા-મીઠા રસને ચાખું છું, એટલે જીભનો સ્વામી થઈ ગયો. મારી જીભ વડે હું ખાટા-મીઠા રસને જાણું છું. એટલે જીભનો તે ધણી થઈ ગયો, પુદ્‌ગલનો. પુદ્‌ગલની સાથે એકત્વબુધ્ધિ સ્વસ્વામી સંબંધ જોડીને ભેદજ્ઞાન ન કર્યું કે જીભ મારી નથી. જીભથી ભિન્ન મારો આત્મા છે એવું ભેદજ્ઞાન ન કર્યું. કોઈ કહે કે શરીર મારું નથી. પણ શરીર મારું નથી તો આપણે કહીએ કે આ જીભ કોની છે? તો (કહે) જીભ મારી છે. અરે ભાઈ! શરીર જ તારું નથી તો વળી જીભ તેનો એક સ્પેરપાર્ટ એમાં તું કેમ મમતા કરી રહ્યો છો? એમ જીભ દ્વારા તો રસ ચખાતો નથી પણ જીભ પાસે તથા પ્રકારનો જે જ્ઞાનનો ઉઘાડ છે થોડો એ ક્ષયોપશમજ્ઞાનનો પણ આત્મામાં અભાવ હોવાથી, તેને અભાવ હોવાથી ભાવેન્દ્રિયના આલંબન વડે, એને ઉઘાડનું અવલંબન લેવું પડે રસને જાણવા માટે એ આત્માનો સ્વભાવ નથી. અને એમ માને કે આ ભાવેન્દ્રિય વડે ખાટા-મીઠારસને જાણું છું, તો ભાવેન્દ્રિય જે જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે એનો સંકરદોષ થઈ ગયો. ખીચડો.

મુમુક્ષુ :- હિન્દીમાં લ્યો.

ઉત્તર :- હિન્દીમાં. આચાર્ય મહારાજ શું કહે છે? ફરમાવે છે? કે પોતાનો શુધ્ધાત્મા પોતાનો સ્વ છે અને શુધ્ધાત્માનો જ હું સ્વામી છું. તે સિવાય જગતની કોઈ ચીજનો હું સ્વામી નથી. એવી બુધ્ધિ કરવી જોઈએ તે છોડી દીધું અને ભગવાનઆત્મા સિવાય, જ્ઞાયક સિવાય, આત્મા સિવાય જે પરપદાર્થ છે અને પરભાવ છે તે મારા છે એવી માન્યતા કરવી તે મિથ્યાત્વ અજ્ઞાન છે.

આ કુટુંબ કબીલા મારા અને પૂત્ર-પૂત્રી મારા એ તો ઘોર અજ્ઞાન છે. શરીર મારું એ પણ તીવ્ર અજ્ઞાન છે. આ જીભ મારી તે પણ અજ્ઞાન છે, કેમકે તે પુદ્‌ગલ છે પણ જીભની પાસે, નજદીક એક જ્ઞાનનો ઉઘાડ છે, તેનું નામ ક્ષયોપશમજ્ઞાન છે. મતિ-શ્રુતજ્ઞાન ક્ષયોપશમ ઈન્દ્રિયજ્ઞાનનો ઉઘાડનો આત્મામાં અભાવ છે. જે આત્મામાં જેનો અભાવ છે તેના દ્વારા હું ખાટા-મીઠા રસને જાણું છું તે અજ્ઞાન છે. ખાટા-મીઠા રસને જાણવા માટે શું કરવું? કે અંતર્મુખ થઈને આત્માને જાણ.

આત્માને જાણવાવાળો ઈન્દ્રિયજ્ઞાનથી ભિન્ન એક ઉપયોગલક્ષણ છે, તે પ્રગટ છે. તે ઉપયોગને અંદરમાં વાળ. અંદર લઈ જા અને આત્માનો અનુભવ કર. તે અતીન્દ્રિયજ્ઞાન જે પ્રગટ થાય તે સ્વને પણ જાણે છે અને રસને પણ જુદો છે એવું જાણી લ્યે છે. લોકાલોકને જાણે છે પરોક્ષપણે. એ ખાટા-મીઠા રસની સન્મુખ અતીન્દ્રિયજ્ઞાનને જાવાની જરૂર નથી. ભાવેન્દ્રિયને તો સન્નીકર્ષ (સ્પર્શ) કરવો પડે છે. સન્નીકર્ષ એટલે સંબંધ. ખાટા-મીઠા જે પદાર્થ છે હાથમાં સાકર હો કે લીંબુ હો. તો એ પદાર્થ ખાટા-મીઠા છે તે જાણવાની તાકાત ઈન્દ્રિયજ્ઞાનમાં નથી. પણ એનો એક ભાગ ઈન્દ્રિયજ્ઞાનની અહીંયા છે જીભ, જીભ ઉપર મુકો, છોડો સન્નીકર્ષ સંબંધ થયો. જ્ઞાનનો ને પદાર્થનો સંબંધ નજદીક એકદમ તો

જાણવામાં આવે છે. તો ઈન્દ્રિયજ્ઞાન દ્વારા એવું જાણવું, તો ઈન્દ્રિયજ્ઞાનને પોતાનું જાણવું તે અજ્ઞાન છે. કેમકે આત્માના સ્વભાવમાં તેનો અભાવ છે. તે વિભાવ છે. ઈન્દ્રિયજ્ઞાન વિભાવ છે, આત્માનો સ્વભાવ નથી. કેમકે પરાધીન છે, કમજોર છે અને ઈન્દ્રિયજ્ઞાનમાં આકુળતા ઉત્પન્ન થાય છે.

એક વિષયને ખંડને જાણે છે. આખા વિષયને જાણતા નથી. તો આચાર્યભગવાન ફરમાવે છે કે જે આ ભાવેન્દ્રિય છે તેનો આત્મામાં અભાવ છે. જેમ કોઈ પુરુષને હાથનું ઓપરેશન કરી દયો, કટકા. અને કટકા કરીને એક બીજા ટેબલ ઉપર મુકી દયો અને કહો કે ચેકમાં સહી કરો. તો તે હાથથી સહી કરી શકશે? નહીં કરી શકે. કેમ? કે અવયવીથી તે અવયવ અલગ છે. તેથી સહી કરવાની તાકાત તેમાં નથી. એમ ભગવાન જે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે તેનાથી ભાવેન્દ્રિય અલગ છે. તેથી તે ભાવેન્દ્રિય દ્વારા પરને જાણતો નથી. આહા! એટલું ભેદજ્ઞાન કરવાથી અભેદનો અનુભવ થાય છે. અને ઈન્દ્રિયજ્ઞાનથી અભેદબુધ્ધિમાં અજ્ઞાન થાય છે. અનુભવ નથી થતો. અનુભવ વગર ધર્મની શરૂઆત થતી નથી.

આ શ્રધ્ધા પલટે છે. તે જીભના ટુકડા કરીને અલોકમાં નથી મોકલવી. સ્વામીપણું છૂટી જાય છે. ક્ષયોપશમજ્ઞાન તો રહી જાય છે, ઉઘાડ રહી જાય છે પણ તે ઉઘાડ મારો છે એવી મમતા છૂટી જાય છે. છૂટી ગઈ. જયાં અનુભવ થયો તો શ્રધ્ધા પલટી ગઈ. શ્રધ્ધામાં હતું કે ઉઘાડ દ્વારા હું જાણું છું એવી મિથ્યા માન્યતા છૂટી જાય છે. જીભ રહી જાય છે. ક્ષયોપશમજ્ઞાન આત્મામાં અભાવ છે એવું જ્ઞાન રહી જાય છે. અભાવરૂપ. પણ મારો સ્વભાવ છે એવી બુધ્ધિ થતી નથી. આ શ્રધ્ધા સમ્યક્ થઈ જાય છે. દેહ મારો નથી એનો અર્થ દેહના ટુકડા કરીને બહાર બાળી દેવો. એમ નથી. દેહ પ્રત્યેનું મમત્વ છૂટે છે. કર્મ મારા નથી તો કર્મ પ્રત્યે મમત્વ છૂટે છે. કર્મ રહી જાય છે. રાગ રહી જાય છે પણ રાગ પ્રત્યે મમતા છૂટે છે.

એમ જીભ દ્રવ્યેન્દ્રિય રહી જાય છે. તેના પ્રત્યે મમત્વ છૂટી જાય છે. એમ ક્ષયોપશમજ્ઞાનનો જે ઉઘાડ છે તે રહી જાય છે તેના પ્રત્યેની મમતા છૂટી જાય છે. નિર્મોહદશા થઈ જાય છે. જીભ મારી નથી, હું તો જ્ઞાનાનંદ આત્મા છું. ક્ષયોપશમજ્ઞાન મારું નથી હું તો અતીન્દ્રિયજ્ઞાનમય મહાપદાર્થ છું. એમ અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાનઆત્માની અનુભૂતિ થવાથી, અતીન્દ્રિયજ્ઞાનમય આત્મામાં આત્મબુધ્ધિ, અહમબુધ્ધિ થઈ જાય છે. તો તેનું નામ છે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. એમ થવાથી એ જે જીભઈન્દ્રિય, ભાવેન્દ્રિય છે તે તો રહી જાય છે. ખાટો-મીઠો સ્વાદ પણ તેમાં આવે છે. પણ હું અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છું, જ્ઞાનથી હું અભિન્ન છું અને જે ભાવેન્દ્રિય જ્ઞેય છે તે મારાથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન અનુભવના કાળમાં થાય છે. ઈન્દ્રિયજ્ઞાન, ભાવેન્દ્રિય રહી જાય છે. પણ તે મારી છે એવી મિથ્યાબુધ્ધિ છૂટી જાય છે. તે ભાવેન્દ્રિયની સાથે ભેદજ્ઞાન કરવું થોડું કઠિન છે.

ભાવેન્દ્રિયના આલંબન વડે પણ, ભગવાનઆત્મા છે, આ બધા જીવોની વાત કરે છે. જેની પાસે પાંચઈન્દ્રિય વિદ્યમાન છે તે પાંચ ઈન્દ્રિય વડે તે જાણવાનું કામ કરતો નથી. આહાહા! તે જાણવાની ક્રિયા તો અતીન્દ્રિયજ્ઞાન વડે કરે. તેવો આત્માનો સ્વભાવ છે. એ તો પ્રગટ નથી. તો પ્રગટ થઈ શકે છે. પ્રગટ કરવા જેવું છે અતીન્દ્રિયજ્ઞાનને. કેમકે ઈન્દ્રિયજ્ઞાનથી તો જેને જાણે તેમાં અહમબુધ્ધિ કર્યા વગર રહેશે નહીં. આહા! મોહને જીતવો હોય તો તેણે ઈન્દ્રિયજ્ઞાનને જીતવું પડશે. 'જીતી ઈન્દ્રિય જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્માને' એ ઈન્દ્રિયજ્ઞાનથી પણ અધિક એટલે જુદો મારો પ્રભુ-વિભુ આત્મા છે. તેમ અંતર્મુખ થઈને આત્મા આત્માને જયારે જાણે છે ત્યારે એ આત્માનું એક જ્ઞાન પ્રગટ થાય છે. એ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાનથી હું જુદો છું તેમ તેને જાણવામાં અનુભવમાં આવી જાય છે.

**ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસ ચાખતો નથી માટે આત્મા અરસ છે**. આ ચાર બોલ થયા. પુદ્‌ગલના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ અને ભાવેન્દ્રિય ચોથી, તેનાથી આત્મા જુદો છે. ભેદજ્ઞાન કરાવે છે. આ ભેદજ્ઞાનની વિધિ છે. જેટલા સિધ્ધ પરમાત્મા થયા તેટલા બધા ભેદવિજ્ઞાનથી થયા છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એને પણ ભેદવિજ્ઞાનથી થાય છે, કે આ ખંડજ્ઞાન-ઈન્દ્રિયજ્ઞાન એ મારી ચીજ નથી. એનાથી હું જુદો-અધિક છું. એમ અંતરસન્મુખ થઈને જાણે ત્યારે ઈન્દ્રિયજ્ઞાનની સાથે એકત્વબુધ્ધિ તૂટી જાય. ઈન્દ્રિયજ્ઞાન રહી જાય. દેહ રહી જાય (પણ) દેહનું સ્વામીપણું છૂટી જાય. શ્રધ્ધા પલટી જાય. સમ્યગ્દર્શન કેમ થાય તેની આ વિધિ છે. ધર્મની શરૂઆત. ચાર બોલ થયા.

પાંચમો બોલ. **સકલ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.** આચાર્ય ભગવાન શું કહે છે? કે આ આત્માના જ્ઞાનનો સ્વભાવ, આત્માના જ્ઞાનનો સ્વભાવ. શાસ્ત્રજ્ઞાન નહીં. આત્મા છે તેમાં આત્માને આશ્રયે આત્માનું જે જ્ઞાન પ્રગટ થાય તેને જ્ઞાન કહેવાય. આ ભાવેન્દ્રિય તે જ્ઞાન નથી એ તો જ્ઞેય છે. એ જ્ઞાન જ નથી.

કેમકે જે ભાવેન્દ્રિય ઈન્દ્રિયજ્ઞાન આત્માને જાણતું નથી માટે તેને જ્ઞાન ન કહેતાં જ્ઞેય કહેવાય. અજ્ઞાન છે, એ જ્ઞાન નથી. હવે આચાર્ય ભગવાન પાંચમા બોલમાં એમ કહે છે કે, આ આત્મા છે એનું સામર્થ્ય શકિત તો એક સમયમાં સ્વ અને પર લોકાલોકને જાણે એવી શકિતનો પિંડ છે. પણ આત્માનું જે જ્ઞાન પ્રગટ થાય, વ્યકત અવસ્થા, પર્યાય પ્રગટ થાય એ આત્માના જ્ઞાનની શકિત કેવી છે? કે જેને અમે આત્માનું જ્ઞાન કહીએ. કે જે **સકલ**-બધા. સકલ એટલે બધા. **વિષયો** એટલે જાણવાના પદાર્થો. સકલ-બધા જાણવાના પદાર્થો એના વિશેષો. પદાર્થ-સામાન્ય. કોઈ પછી જડ-ચેતન તેના દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ભિન્ન પાડીને જાણે તેને પદાર્થોના વિશેષો કહેવામાં આવે છે.

આ પદાર્થ છે. આ પદાર્થનું વિશેષ શું છે? કે આ પ્લાસ્ટિકનું છે, આ રંગનું છે, આનો આ આકાર છે, એવા પદાર્થની વિશેષ અવસ્થાને જાણે તેને વિશેષ કહેવામાં આવે છે. વિષયોનું વિશેષ. વિષયો એટલે જ્ઞેયો. જ્ઞાનમાં જણાતા જ્ઞેયો. અતીન્દ્રિયજ્ઞાનમાં જણાતા જ્ઞેયો. અને તે જ્ઞેયો જે પ્રકારે છે તે પ્રકારે જાણે તે તેના વિશેષો છે. સકલ એટલે બધા. વિષયો એટલે પદાર્થો. એના વિશેષો એટલે તેના ભેદ-પ્રભેદો. તેમાં સાધારણ. સાધારણ એટલે એક માત્ર એ જ્ઞાન આત્માનું અવલંબન લઈને જે કર્યું એ જ્ઞાનની અંદર બધું જણાય જાય છે એક સાથે યુગપદ્. તેને જ્ઞેયની સન્મુખ ઉપયોગ મુકવો ન પડે. **સાધારણ એવા એક જ સંવેદન પરિણામરૂપ,** આત્મા સંવેદ્ય પણ છે અને સ્વસંવેદન પણ છે. પોતે પોતાને જાણે પણ છે અને પોતે પોતાના જ્ઞાનમાં જણાય પણ છે. સ્વસંવેદક અને સ્વસંવેદ્ય. જાણનાર અને જણાવાયોગ્ય. જાણનાર પણ પોતે અને જણાવાયોગ્ય પણ પોતે. એવો એનામાં બેવડો ધર્મ છે. એનામાં જ્ઞાનધર્મ છે અને જ્ઞેયધર્મ પણ આત્મામાં છે.

એટલે પોતાના જ્ઞાનમાં પોતાનો આત્મા જણાય એવો જ્ઞાનનો સ્વભાવ છે. **એવા એક જ સંવેદન પરિણામરૂપ તેનો સ્વભાવ હોવાથી,** તે પોતાને પણ જ્ઞાન જાણે અને પરપદાર્થો છે તેના વિશેષોને પણ જાણે. પ્રત્યક્ષ અને પરોક્ષ ગૌણ છે પણ સ્વ અને પર બેયને જાણે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. **એક સાથે સકળ વિષયોના વિશેષોમાં સાધારણ એવા એક જ સંવેદન,** એટલે આત્માને જાણનારું જે જ્ઞાન, જે જ્ઞાન આત્માને જાણે છે એ જ્ઞેયોને જાણી શકે છે. જે જ્ઞાન આત્માને જાણતું નથી એ જ્ઞેયોને જાણવા સમર્થ નથી.

**એવા એક જ સંવેદનપરિણામરૂપ તેનો** એટલે આત્માનો **સ્વભાવ હોવાથી,** નિજભાવ હોવાથી **તે** એટલે આત્મા **કેવળ એક રસવેદનાપરિણામને પામીને રસ ચાખતો નથી માટે અરસ છે.** આત્માનો એવો સ્વભાવ નથી કે એક રસને જાણે અને બીજાને ન જાણે. એક સાથે જે જ્ઞાન પોતાને જાણે એ જ્ઞાન બધા વિષયોના વિશેષોને જાણી લ્યે. લોકાલોકને જાણી લ્યે. એક શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત એટલી છે, ભાવશ્રુતજ્ઞાનની તાકાત કે જે ભાવશ્રુતજ્ઞાન-અતીન્દ્રિયજ્ઞાન પોતાના શુધ્ધાત્માની સન્મુખ થઈ અને જે જ્ઞાન પોતાના આત્માને જાણે છે, એ જ્ઞાનની પર્યાયમાં એની સ્વચ્છતા એવી છે કે, લોકાલોકનો તેમાં પ્રતિભાસ થઈ જાય છે. જ્ઞાન લોકાલોકની સન્મુખ નથી. જ્ઞાન તો આત્માની સન્મુખ છે. ધ્યાન રાખજો, સૂક્ષ્મ વાત છે.

જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય શકિત એટલી છે કે સામાન્ય જીવને વિશ્વાસ ન આવે, એવું એનામાં જ્ઞાનમાં જાણવાનું સામર્થ્ય છે. જાણવાનું સામર્થ્ય, કરવાનું નહીં. જ્ઞાનમાં જાણવું છે પણ કાંઈ કરવું નથી. કે પરપદાર્થને ભલે જાણે. જાણે પણ ખરો ને કરો પણ ખરો એમાં શું વાંધો? કે માત્ર જાણવું

સ્વભાવ છે. કરવું એ જ્ઞાનમાં નથી. એ અજ્ઞાનીના અજ્ઞાનમાં ગયું. અજ્ઞાનીના અજ્ઞાનમાં ગયું. આત્માના જ્ઞાનમાં તો માત્ર જાણવું છે અને કરવું નથી. આહાહા!

આ આત્માની શકિતના સામર્થ્યની વાત ચાલે છે. પોતાની શકિતની પોતાને ખબર નથી. ભૂલી ગયો છે. પોતાની શું શકિત છે, આત્માની શું શકિત છે એ તો ભૂલ્યો પણ એક સમયની જ્ઞાનની પર્યાય જે આત્મઅભિમુખ થાય તેને શ્રુતજ્ઞાન કહેવાય. તે શ્રુતજ્ઞાનમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય, વેદન આવે. એવી જે શ્રુતજ્ઞાનની અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય એની તાકાત શું છે એક પર્યાયની શકિતની તાકાત શું એની તો ખબર પડતી નથી. તો ભગવાનઆત્માનું સામર્થ્ય શું છે એની તો એને ખબર કયાંથી હોય? આહાહા!

જો એક સમયની જ્ઞાનની પર્યાયની શકિત સામર્થ્ય આવડું છે, શ્રુતજ્ઞાનની શકિત, તો કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની તાકાત કેવી? આ પરોક્ષ જાણે, ઓલો પ્રત્યક્ષ જાણે. જાણે બેય સરખું. બેયનો વિષય સરખો.

મુમુક્ષુ :- પરોક્ષ અને પ્રત્યક્ષ.

ઉત્તર :- પરોક્ષ અને પ્રત્યક્ષ. શ્રુતજ્ઞાની લોકોલોક તેના જ્ઞાનમાં જણાય? તો કહે હા, પરોક્ષ અને કેવળજ્ઞાનમાં જણાય તે પ્રત્યક્ષ. પરોક્ષ અને પ્રત્યક્ષ પૂરતો ફરક છે. એટલું એ જ્ઞાનની તાકાત. આત્મજ્ઞાનની હોં! ઈન્દ્રિયજ્ઞાનની વાત નથી.

**સકળ વિષયોના વિશેષોમાં,** આહાહા! **સાધારણ એવા,** સાધારણ એટલે એક જ પર્યાય. બે પર્યાયની જરૂર નહીં. આત્માને જાણનારી પર્યાય એક અને લોકાલોકને જાણનારી જ્ઞાનની પર્યાય બીજી એમ નથી. સ્વ-પરપ્રકાશક શકિત હમારી, તાતેં વચન ભેદભ્રમ ભારી, આહાહા! જ્ઞેયશકિત દુવિધા પ્રકાશી સ્વરૂપા-પરરૂપા ભાસી. એવી જ્ઞાનની પર્યાયની સ્વ-પર બેયને જાણવાની તાકાત છે. એવી જ્ઞાનની જે પર્યાય પ્રગટ થાય એવો એનો સ્વભાવ હોવાથી તે માત્ર એક રસ્તે જાણીને અટકે એવો એ આત્માની જ્ઞાનની પર્યાયનો પણ સ્વભાવ નથી. માટે આત્મા અરસ છે. આહાહા!

ઓમાં ક્ષયોપશમભાવનો અભાવ છે તેથી રસને ભાવેન્દ્રિય વડે જાણતો નથી એમ કહ્યું .. અહીંયા એમ કહ્યું કે એક રસને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ નથી. એક માત્ર રસને જ જાણે પુદ્ગલની પર્યાયને એવો આત્માનો સ્વભાવ નથી. આહા! એક પુદ્ગલમાં જેટલા ગુણો, જેટલી પર્યાય, જેટલા ધર્મો. એવા અનંત પરમાણુઓ અનંતાઅનંત, એના દ્રવ્ય, ગુણ ને પર્યાય. જીવ અનંતા. નિગોદથી માંડીને સિધ્ધ. એ બધા જીવોના દ્રવ્ય, ગુણ ને પર્યાય, ભૂત, ભવિષ્ય ને વર્તમાન એક સમયમાં જ્ઞાનમાં જણાય જાય. સિધ્ધને જાણી લ્યે. અનંતા સિધ્ધોને જાણે. આહા! એ જે જ્ઞાનમાં અનંતા સિધ્ધો જણાય એ જ્ઞાનમાં

સિધ્ધદશા જલ્દી પ્રગટ થાય. આહાહા! એવી જ્ઞાનની તાકાત અચિંત્ય, આહા!

એક સમયમાત્રમાં એક એ જાણે એવી એની તાકાત છે. એને બદલે કેવળ એક રસવેદના પરિણામને પામીને ખાટા-મીઠાને જાણે તેને અમે જ્ઞાન કહેતા નથી. તે અજ્ઞાન છે. માટે રસ ચાખતો નથી. માટે અરસ છે. હવે એક છઠ્ઠો બોલ રહ્યો. એક એકમાં છ છ બોલ છે. આહા! આના ઉપરના ગુરુદેવના વ્યાખ્યાન પણ છપાઈ ગયા છે. ૧૯ વખત વ્યાખ્યાન થયા છે, ૪૯ ગાથા ઉપર. ૧૯ ટાઈમ. એક જ ગાથા. કારણ કે આખું સમયસાર ૧૯ વખત ચાલ્યું ને? એટલે ૪૯ ગાથા ૧૯ વખત આવી ગઈ ને? આ એકદમ મુદ્દાની રકમની વાત છે. આત્મા રાગ-દ્વેષ-મોહથી તો જુદો છે. કેમકે એ તો કષાયભાવ છે, કેમકે એ તો જડ છે. એ સ્વ-પરને જાણતું નથી. અને બીજું રાગાદિ વિકારભાવમાં તો આકુળતા દુઃખ થાય છે. માટે એનાથી તો હું જુદો છું પણ રાગને જાણનારું જે ઈન્દ્રિયજ્ઞાન એનાથી પણ આત્મા જુદો છે. સૂક્ષ્મ વાત છે.

જે ભાવમનમાં આત્માનો નિર્ણય થાય એ ભાવમનથી આત્મા ભિન્ન છે. આહાહા! આ પાંચ ઈન્દ્રિયો તો સ્થૂળ છે. એનામાં તો નિર્ણય કરવાની તાકાત નથી. એ તો કેવળ માત્ર પુદ્ગલને જાણે છે. પણ ભાવમન છે. એક દ્રવ્યમન છે અહીંયા આઠ પાંખડીનું. જે કમળ છે ને ફુલ ખીલે કમળની પાંખડી, એમ આઠ પાંખડી અહીંયા ખીલેલી છે, દ્રવ્યમન છે. એ મનોવર્ગણા નામના રજકણ છે. એ સૂક્ષ્મ રજકણનું બનેલું દ્રવ્યમન છે અને એનો સંબંધ પામીને ભાવમન જે વિચાર દશા ચાલે છે. આ હેય છે ને આ ઉપાદેય છે ને આ દ્રવ્ય છે ને ગુણ છે ને પર્યાય છે. એવો માનસિક જે વિચાર થાય તેને ભાવમન કહેવાય. એ ભાવમનનો આત્મામાં અભાવ છે. તેથી ભાવમન વડે આત્માનો અનુભવ થઈ શકતો નથી. કેમ કે ભાવમન ભિન્ન છે.

આત્માને જાણવા માટે અભિન્ન સાધન જોઈએ. આત્માની જાતનું સાધન એ તો અતીન્દ્રિયજ્ઞાન છે. આટલો બધો ધર્મ અઘરો હશે? અઘરો કાંઈ નથી. તું અઘરો માની બેઠો છે. આ મારું, આ મારું, આ મારું એવી તીવ્ર મમતા કરીને બેઠો છો, જ્યાં ભાવેન્દ્રિયની વાત આવી, એ ઉઘાડ તારો નહીં. પણ પૈસા મારા નહીં ત્યાં સુધી તો હા પાડી, શરીર મારું નહીં ત્યાં સુધી તો હા પાડે પણ આ જે આંખે આ ૪૯ ગાથાનું અધ્યયન કરું છું એ આંખ પણ તારી નહીં અને આંખ દ્વારા જે ઉઘાડ છે આ ચોગડે નવડે ૪૯ જણાય છે જે જ્ઞાનમાં એ જ્ઞાન આત્માનું નથી, આત્મામાં એ જ્ઞાન નથી. એનાથી આત્મા અધિક એટલે જુદો છે. થોડા પામે છે એનું કારણ આ છે. ઈન્દ્રિયજ્ઞાનમાં જીવ અટકી જાય છે. ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માને છે. અને ઈન્દ્રિયજ્ઞાનને જાણવાનું સાધન માન્યું છે. એ સ્વને કે પરને જાણવાનું સાધન ઈન્દ્રિયજ્ઞાન નથી. હમણાં આ એક છઠ્ઠો બોલ પૂરો થાય એટલે પ્રવચનસાર લાવ્યો છું, હમણાં લેશું.

અલિંગગ્રહણ. હમણાં લેશું.

મુમુક્ષુ :- એ ઈન્દ્રિયજ્ઞાનને જ્ઞાન કહેવાય છે ને ત્યાં જ ભ્રાંતિ ઊભી થાય છે........

ઉત્તર :- એ જ્ઞાન કહેવાણું, એ જ્ઞાન નામ કોણે આપ્યું? મોહરાજાએ. અથવા અથવા, મોહરાજાએ એનું નામ જ્ઞાન આપ્યું, અથવા બીજી રીતે કે આગમમાં પણ એને જ્ઞાન કહ્યું એ વ્યવહારનયનું વચન છે. અને વ્યવહારનય અસત્યાર્થ અને અભૂતાર્થ છે એ નિશ્ચયનયે જ્ઞેય છે. વ્યવહારમાં અટકી ગયો. જયાં વ્યવહારનયનું વાકય આવ્યું, વ્યવહારનયે તો દેહને પણ જીવ કહેવાય. રાગી જીવ કહેવાય. વ્યવહારનયના વચનો, વચનો તો એમ જ હોય ને? આહા! આ મકાન મારું છે એમ કહેવાય વ્યવહારનયે, મકાનમાં બેઠો હોય ત્યાં સુધી, આ દેહ એ જીવ છે એમ કહેવાય. પણ વ્યવહારનયના વચનો બધાય અસત્યાર્થ અને અભૂતાર્થ, જૂઠ્ઠા કથન છે. તેમાં ફસાઈ ગયો. વ્યવહારનયના વચન સાંભળી સાંભળીને એ વ્યવહાર નિશ્ચય થઈ ગયો અને મૂળ નિશ્ચય રહી ગયો. વ્યવહાર નિશ્ચય થઈ ગયો અને નિશ્ચય રહી ગયો. આહાહા! એટલે આગમમાં પણ વ્યવહારનયે જ્ઞાન નામ આપ્યું હોય પણ એ વ્યવહારનયથી જ્ઞાન કહ્યું છે. નિશ્ચયનયથી જોવામાં આવે તો એ જ્ઞાન નથી પણ જ્ઞેય છે. આહા!

જેમ પરપદાર્થ જ્ઞેય છે એમ આ જ્ઞેય છે જ્ઞાન નથી. કેમ જ્ઞાન નથી? કે જે જ્ઞાન એને કહીએ કે જે આત્માને પ્રસિધ્ધ કરે તેને જ્ઞાન કહીએ. પણ જે જ્ઞાન આત્માને પ્રસિધ્ધ નથી કરતું અનાદિથી, અનાદિથી ઈન્દ્રિયજ્ઞાન તો બધાની પાસે છે. એકેન્દ્રિય થઈને પણ એકેન્દ્રિય જેટલો ઉઘાડ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પાંચ ઈન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી એ ઉઘાડ તો છે. અનાદિનો ઉઘાડ છે. જેમ રાગ અનાદિનો તેમ ઈન્દ્રિયજ્ઞાન પણ તેની સાથે સાથે અનાદિનું છે. પણ એ જ્ઞાન નથી કેમકે આત્માને પ્રસિધ્ધ કરતું નથી. ઉલટું આત્માને તિરોભૂત કરે છે. આહાહા! આત્માને ઢાંકી દયે છે, આચ્છાદિત કરે છે. માટે તે જ્ઞાન નથી પણ પરમાત્માએ નિશ્ચયથી તેને જ્ઞેય કહ્યું છે. વ્યવહારે જ્ઞાન કહેવાય પણ નિશ્ચયે જ્ઞેય કહેવાય.

મુમુક્ષુ :- સ્પષ્ટીકરણ આવ્યું વ્યવહારે જ્ઞાન અને નિશ્ચયે જ્ઞેય..

ઉત્તર :- હવે વ્યવહારે જે જ્ઞાન કહ્યું, એ વ્યવહારનયના વચનો શાસ્ત્રમાં ઠેક ઠેકાણે છે. પણ નિશ્ચયનયે જ્ઞેય છે એ તો કયાંક નીકળે. નિશ્ચયનયે એ જ્ઞેય કહેવાય એ તો કયાંક નીકળે. ૩૧ ગાથામાં, ૧૫મી ગાથામાં, ૩૧મી ગાથામાં, આમાં, (૪૯મી ગાથામાં) અલિંગગ્રહણના બોલમાં, આહાહા!

મુમુક્ષુ :- પંડિતોની ચતુરાઈ અહીયાં કુંઠિત થઈ ગઈ.

ઉત્તર :- બસ, પંડિતો આમાં ભૂલ્યા. પંડિતો, વિદ્વાનો, ત્યાગીઓ અહીંયા ઈન્દ્રિયજ્ઞાનમાં ભૂલે છે. શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માને છે. શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી જ્ઞેય છે = અજ્ઞાન છે. અજ્ઞાન એટલે કે તે આત્માને

જાણતો નથી માટે એને અજ્ઞાન કહેવાય. કેમકે શાસ્ત્રજ્ઞાન આત્માને ન જાણે માટે એ જ્ઞાનને અજ્ઞાન કહેવાય. પછી અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્મા જણાયા પછી શાસ્ત્ર જણાય તો તેને વ્યવહાર કહેવામાં આવે.

ખરેખર તો એ ભાવેન્દ્રિય છે એ નિશ્ચયે જયારે જ્ઞેય છે એમ જાણે ત્યારે વ્યવહારે જ્ઞાન કહેવાય. નિશ્ચયે જ્ઞેય છે એમ ન જાણે અને વ્યવહારે જ્ઞેય છે એમ નથી, વ્યવહારે જ્ઞાન નથી એ તો અજ્ઞાન છે. નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય. શું કહ્યું? ફરીથી. એ જે ભાવેન્દ્રિયજ્ઞાન છે તેને નિશ્ચયે એ જ્ઞેય છે એમ કોણ જાણે? કે નિશ્ચયે આત્માને જાણે તે. અજ્ઞાની તેને જ્ઞેયપણે જાણી શકે નહીં. અને જ્ઞાન થયું ને જ્ઞાનમાં આત્મા જણાયો ત્યારે નિશ્ચયથી એ જ્ઞેય તરીકે જાણે. નિશ્ચયે, ભાવેન્દ્રિયને, અને જો વ્યવહારે કહો તો એને જ્ઞાન કહેવામાં આવે. કેમ? કે જ્ઞાનની સમીપે ઈન્દ્રિયજ્ઞાન છે માટે તેને વ્યવહાર કહ્યો.

વ્યવહારનું શું કારણ ખબર છે? અતીન્દ્રિયજ્ઞાન જે પ્રગટ થઈ ગયું સાધકને, તેની સમીપે સાથે સાથે વર્તે છે, ઈન્દ્રિયજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન, માટે તેને વ્યવહારજ્ઞાન કહેવાય. પણ જો એની સમીપે અતીન્દ્રિયજ્ઞાન નથી તો એ વ્યવહારજ્ઞાન નથી પણ જ્ઞેય છે એટલે અજ્ઞાન છે. આહા!

મુમુક્ષુ :- વ્યવહારજ્ઞાન કયારે કહેવાય?

ઉત્તર :- કે જયારે અતીન્દ્રિયજ્ઞાન વડે આત્માને જાણે એ જ્ઞાન એમ જાણે છે કે નિશ્ચયથી તો આ જ્ઞેય છે. નિશ્ચયથી પ્રગટ થયેલું જ્ઞાન એ નિશ્ચય છે અને ઈન્દ્રિયજ્ઞાન છે તે જ્ઞેય છે. અતીન્દ્રિયજ્ઞાનમાં ભાવેન્દ્રિય જ્ઞેયપણે જણાય છે. જ્ઞાનપણે જણાતું નથી. સૂક્ષ્મ છે. શું કહ્યું? ફરીને.

જે રાગ છે રાગ એ જ્ઞેય છે. એનામાં જ્ઞાન નથી. કેમકે સ્વ-પરને જાણતું નથી માટે જ્ઞેય છે. હવે રાગ છે એ જ્ઞેય છે એ કોણ જાણે છે? કે જેને આત્માનું ભાન થયું, આત્મા જ્ઞેય થયો એ જ્ઞાન એમ જાણે છે કે આ રાગ છે એ પરજ્ઞેય છે. પણ જે જ્ઞાન આત્માને જાણતું નથી તે રાગને જ્ઞેયપણે જાણતું નથી પણ આત્માના કર્મપણે જાણે તે અજ્ઞાન છે. આત્માનું જ્ઞાન થતાં એ રાગ આત્માના જ્ઞેયપણે જણાય પણ આત્માનું જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ આત્માનું કર્મ છે. હું કર્તા અને એ મારું કર્મ છે એવી પ્રવૃત્તિ અનાદિકાળની છે. એ પ્રવૃત્તિ કેમ છૂટે કે એ જ્ઞાન રાગથી ભિન્ન પડીને, આત્માની સન્મુખ થઈને આત્માનો જે અનુભવ થયો, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઈ ગયું ત્યારે એ જ્ઞાન એમ જાણે છે કે આ રાગ છે ને એ કર્તાનું કર્મ નથી પણ જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું? ખ્યાલ આવ્યો?

એવી રીતે, આ તો દૃષ્ટાંત આપ્યો, રાગનો દૃષ્ટાંત, જ્ઞેય છે. હા... રાગ જ્ઞેય છે એ બરાબર છે. હવે જો રાગ જ્ઞેય છે એમાં જો હા પાડી રહ્યો છો તો સાંભળ! શાસ્ત્રજ્ઞાન પણ જ્ઞેય છે, જ્ઞાન નથી. ભાઈસાહેબ! સૂક્ષ્મ વાત છે થોડી. એ ઈન્દ્રિયજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન જ્ઞેય છે એમ કોણ જાણે? કે જે જ્ઞાને

આત્માને જાણ્યો એ સ્વજ્ઞેય છે ત્યારે આ ઈન્દ્રિયજ્ઞાન નાશવાન, પરાધીન, આકુળતાને ઉત્પન્ન કરનાર, ખંડજ્ઞાન એ જ્ઞેય છે પણ જ્ઞાન નથી. નિશ્ચયે સાધક જ્ઞેય તરીકે જાણે છે અને વ્યવહારે સાથે સમીપવર્તી છે માટે તેને વ્યવહારે જ્ઞાન કહેવામાં આવે છે.

નિશ્ચય મોક્ષમાર્ગ તેની સાથે વ્યવહાર મોક્ષમાર્ગ છે. સહચર દેખીને, છે તો બંધનું કારણ બંધમાર્ગ. છતાં પણ નિશ્ચય મોક્ષમાર્ગની સાથે વ્યવહારરત્નત્રયના પરિણામ સમીપવર્તી દેખીને બંધમાર્ગ હોવા છતાં પણ એને મોક્ષમાર્ગનો ઉપચાર આપવામાં આવે છે. એમ અતીન્દ્રિયજ્ઞાનની સમીપ વર્તતું ઈન્દ્રિયજ્ઞાન તેથી તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. પણ જેને અતીન્દ્રિયજ્ઞાન નથી, આહાહા! એને તો એ જ્ઞાન ભાસે છે. જ્ઞેય નથી ભાસતું પણ જ્ઞાન ભાસે છે, અજ્ઞાન થઈ ગયું. બંધાઈ ગયો. આહાહા!

હવે એને જ્યાં સુધી તે જ્ઞાન માને અને તેના દ્વારા આત્માનો અનુભવ કરવા જાય, પરજ્ઞેય દ્વારા કેમ અનુભવ થાય? એ જ્ઞાન જ મારું નથી. હવે એ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન કેમ રોકાય? તો અનુભવ કેમ થતો નથી? ચાલો ઈન્દ્રિયજ્ઞાન મારું નહીં. તો અનુભવ તો થવો જોઈએ ને? એમ પ્રશ્ન થાય. મીઠાભાઈ! હવે ઈન્દ્રિયજ્ઞાન મારું નહીં. હવે મારું નહીં. અત્યાર સુધી મારું માનતો હતો. પણ ઈન્દ્રિયજ્ઞાન મારું નહીં તો અનુભવ થવો જોઈએ. તો હવે ઈન્દ્રિયજ્ઞાનને રોકવું કેવી રીતે? ઈન્દ્રિયજ્ઞાન રોકાય છે ક્ષણભર, થોડો ટાઈમ અને અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય છે.

એ ઈન્દ્રિયજ્ઞાનને રોકવું કેમ? એ રોકવાનો કાંઈ રસ્તો ખરો? હા, અનુભવી બતાવે છે. કે પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે. લે. હું જાણતો જ નથી ક્રોધને. ક્રોધને જાણતો નથી. કે ના, માથુ દુખ્યું, ચડયું છે? દુઃખને જાણતો નથી? કે ના, હું નથી જાણતો. એ જયારે દુઃખને જાણવાનું બંધ થાય ત્યારે આત્માનો અનુભવ થઈ જાય. આહાહા!

મુમુક્ષુ :- સદંતર બંધ કરી દે.

ઉત્તર :- સદંતર. સર્વથા બંધ કરી દે. આહાહા! કે થોડીક આંખ ઉઘાડવી કે નહીં? કે ના. સર્વથા બંધ કરી દે જાણવું પરિણામને. ભેદને જાણવાનું બંધ કરી દે તો અભેદ જણાય જશે. પણ ભેદ જયાં સુધી જણાય છે ત્યાં સુધી ઈન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે અને પરને જાણવા રોકાય જાય છે ત્યાં સુધી આત્મદર્શન થતાં નથી. કિશોરભાઈ! આ અનુભવની પ્રોસેસ ચાલે છે. થોડી વાતચીત થઈ છે અમારે. આહા!

આ ઈન્દ્રિયજ્ઞાન છે ને એને નિશ્ચયની સાથે રહેલું હોવાથી તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. હવે નિશ્ચયજ્ઞાન તો ભાન નથી અને વ્યવહારથી જ્ઞાન કહ્યું એને નિશ્ચયથી જ્ઞાન માની લીધું. એટલે નિશ્ચયજ્ઞાનનો દરવાજો બંધ થઈ ગયો. ઉઘડે જ નહીં. આને જ્ઞાન માન્યું. આહા! ઓલું જ્ઞાન પ્રગટ

ક્યાંથી થાય? અસત્જ્ઞાન રહી ગયું. આહાહા! એટલે અનાદિથી અજ્ઞાન રહી ગયું એમ અનાદિનું. એક મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ એક ભૂલ મોટી બતાવી છે. દ્રવ્યલિંગી મુનિ રાજપાટ છોડી જંગલમાં નિર્ગ્રંથદશા ધારણ કરી, સાધુ થઈ ધ્યાનમાં મગ્ન થાય છે અને સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટ થાય એ અર્થે પ્રવૃત્તિ કરે છે. એને પુણ્ય અને પુણ્યના ફળની કોઈ વાંછા નથી. મને આ તપ કરું તો કાંઈક સ્વર્ગ મળે એવી વાંછા નથી પણ સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન કેમ પ્રગટ થાય તેને અર્થે પ્રવૃત્તિ કરે છે. પ્રયોજન ઊંચું છે.

હવે પ્રવૃત્તિ તો આત્મજ્ઞાન, સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટ થાય એની પ્રવૃત્તિ કરે છે. તો એ પ્રવૃત્તિ શું કરી એણે? કે આનો (પરનો) જાણનારો તે હું છું. આનો (પરનો) જાણનારો તે હું છું. અજ્ઞાન છે. આહા! પણ ટોડરમલજી સાહેબ લખે છે. પણ એને એવો ભાવ નથી આવતો કે હું જ્ઞાનસ્વરૂપ છું. આનો (પરનો) જાણનારો તે હું એ તો ઈન્દ્રિયજ્ઞાન થઈ ગયું. એ તો જ્ઞેયની સાથે સંબંધ રાખ્યો જ્ઞાનનો. ઊભો રહ્યો. આહા! એને જ્ઞેય જ દેખાય છે પણ જ્ઞાયક દેખાતો નથી. ટોડરમલજી સાહેબ કહેતા આવે છે કે 'હું જ્ઞાનસ્વરૂપ છું' એમ એમાં આવતો નથી. અને આનો જાણનારો તે હું, આનો જાણનારો તે હું, આહાહા! એ ભૂલ થઈ ગઈ.

મુમુક્ષુ :- નિગોદનો ભાવ ઊભો છે?

ઉત્તર :- નિગોદ જ એમાં કાંઈ નથી. ભાઈ! વાતમાં કાંઈ માલ નથી. હવા ખાવાનું સ્થળ થોડો ટાઈમ, બે હજાર સાગર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ બે હજાર સાગર. એ તો કોઈક જ થાય. બે હજાર સાગર સુધી કાંઈ રખડે નહીં. એ તો થોડા ભવ કરીને સીધો નિગોદમાં (ચાલ્યો જાય). પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોઈ જીવ રખડે તો ત્રસમાં બે હજાર સાગર છે. બે હજાર સાગર પૂરા થયા કાં તો મોક્ષ કાં તો નિગોદ. ત્રીજો કોઈ રસ્તો નથી. આહા!

મુમુક્ષુ :- ત્રસ પર્યાયનો મર્યાદિત કાળ છે.

ઉત્તર :- મર્યાદિત. ત્રસનો કાળ મર્યાદિત. આજે સવારના મીઠાભાઈએ કહ્યું કે ભરતેશવૈભવ નામનું પુસ્તક છે, શાસ્ત્ર પ્રથમાનુયોગનું. એમાં એમણે વાંચીને મને આજ કહ્યું હતું, કે ભરત મહારાજાએ તેમના શયનરૂમમાં-બેડરૂમમાં, હોલમાં એવું યંત્ર ગોઠવ્યું હતું કે નિરંતર વાગ્યા કરે, શું બોલે? 'ચેત ભરત ચેત' ..કાળ ઝપાટા દેશે. 'ચેત ભરત ચેત' શું? એમ હે જીવ ચેત! ચેત તું ચેત. આહાહા! ક્યારે આયુ પૂરી થાય (એની) ખબર નથી.

આ ભાવેન્દ્રિય ખંડજ્ઞાન એમાં વિદ્વાનો, પંડિત, આહાહા! ત્યાગી આમાં ભૂલી ગયા. આમાં ભૂલ્યા. પુણ્યથી ધર્મ થાય એ તો છોડયું. કે પુણ્યથી જે ભાવથી બંધ થાય એ ભાવથી મોક્ષ ન થાય. એ તો ન્યાયથી એણે વિચારમાં લઈ લીધું. ત્યાં સુધી તો આવી ગયો. પણ હું આને જાણતો નથી એનો

નિષેધ નથી આવતો. હું પરને જાણતો નથી એવો નિષેધ આવશે ત્યારે ઈન્દ્રિયજ્ઞાન રોકાઈ જશે અને ત્યાંથી જ્ઞાન રીબાઉન્ડ થઈને આત્મામાં ઉપયોગ આવી જશે. આહા! ઓલા બાળકો બોલથી રમે ને દડાથી એ અહીંયા ઊભો હોય અને આમ દિવાલમાં ઘા મારે પછી જયારે દિવાલમાં ઘા મારે ત્યારે એને ખબર છે આમ હાથ રાખે કે રીબાઉન્ડ થઈને દડો હાથમાં પાછો આવશે. ત્યાં દડો ચોંટશે નહીં. મારા હાથમાં (પાછો) આવશે.

એમ હું પરને જાણતો નથી એવો નિષેધ આવતા વેંત ઉપયોગ અંદરમાં આવી જશે. આ ઈન્દ્રિયજ્ઞાનને જીતવાનો રસ્તો છે. આહાહા! એવી રીતે કે જેમ હું પરને જાણતો નથી એમ જે પરિણામના ભેદ ઉત્પન્ન થાય છે એને સર્વથા જાણવાનું બંધ કરી દે. એક ને એક વાત. પરને જાણતો નથી કહો કે પરિણામને જાણતો નથી (કહો) કેમકે પરિણામ પણ પરદ્રવ્ય છે. પરિણામ પણ પરદ્રવ્ય છે. આહાહા! પણ આ પેટમાં દુઃખે છે, સખત દુઃખે છે. એ તો તને જણાય છે? કે હા, સાહેબ એ જણાય છે. એ જણાય છે ત્યાં સુધી આત્મા નહીં જણાય. દુઃખ મારામાં થાય છે. એ તો દિલ્હી બહુ દૂર છે. પણ દુઃખને હું જાણું છું, આહા! એમાં એ આત્માનો અનુભવ થતો નથી. આહાહા! દુઃખ એ પર્યાય છે. બરાબર છે? પર્યાય, વિકારી, વિભાવ, એને જાણવાનું સર્વથા બંધ કરી દે, તો સુખમય આત્માનું ભાન થઈ જશે. એવી અપૂર્વ વાતો શાસ્ત્રમાં છે. લ્યો! કલાક એક થયો. સારો સ્વાધ્યાય થયો. સ્વાધ્યાય સારો થઈ ગયો. સ્તુતિ બોલો ઉભા થઈને. ભાઈ સાહેબ બોલાવે છે.